# એમપીએસઇઝેડ યુટિલિટિઝ પ્રાઈવેટ લિમિટેડ

## જાહેર સૂચના
## ગુજરાત વિદ્યુત નિયમન આયોગ સમક્ષ

**નિમ્નલિખિત સંદર્ભમાં**

નામદાર ગુજરાત વિદ્યુત નિયમન આયોગ સમક્ષની અરજી નં. ૧૬૩૩/૨૦૧૬ની સંદર્ભમાં, જે એમપીએસઈઝેડ યુટિલિટીઝ પ્રાઈવેટ લિમિટેડ, પોતાની રજીસ્ટર્ડ ઓફિસ અદાણી હાઉસ, મીઠાખળી સર્કલ, નવરંગપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૦૯ ખાતે ધરાવે છે, તેણે ઈલેક્ટ્રીસિટી એક્ટ, ૨૦૦૩ની કલમ ૧૮ હેઠળ પરવાનામાં સુધારો કરવા માટે અરજી કરી છે.

**અરજદાર**

એમપીએસઈઝેડ યુટિલિટીઝ પ્રાઈવેટ લિમિટેડ મુંદ્રા ખાતેના નોટીફાઈડ એસઈઝેડ એરીયામાં વિજળી વિતરણના કારોબારમાં પ્રવૃત્ત છે. નામદાર જીઈઆરસીએ એમપીએસઈઝેડ યુટિલિટીઝ પ્રાઈવેટ લિમિટેડને તારીખ ૨૪.૦૫.૨૦૧૬ વિતરણ પરવાના નં. ૨૦૧૬નો ૬ જારી કર્યો છે, જેમાં તારીખ ૨૭.૦૫.૨૦૦૯ના એસ.ઓ. નં. ૧૩૬૫ (ઈ) તથા તારીખ ૨૬.૦૩.૨૦૧૨ના એસ.ઓ. નં. ૫૮૩(ઈ), જિલ્લોઃ કચ્છ, રાજ્યઃ ગુજરાત હેઠળ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન તરીકે નોટીફાઈ કરાયેલો ૬૬૪૧.૨૭૮૪ હેક્ટરનો વિસ્તાર આવરી લેવાયો છે.

**દરખાસ્ત**

એમપીએસઈઝેડ યુટિલિટીઝ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ૨૦૧૬ની અરજી નં. ૧૬૩૩ દાખલ કરવામાં આવી છે, જેમાં વિતરણના વિસ્તારમાં સુધારો કરી તે ૮૪૮૧.૨૭૮૪ હેક્ટર કરવા અરજ કરાઈ છે, જે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય (વાણિજ્ય વિભાગ) દ્વારા જારી કરવામાં આવેલા તારીખ ૨૧.૦૯.૨૦૧૬ના એસ.ઓ. નંબર ૩૦૨૯ને ધ્યાનમાં લઈને કરાઈ છે. આ એસ.ઓ. મુંદ્રા ખાતેના તમામ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન્સના કોન્સોલિડેશન સંબંધી છે જે અગાઉ તારીખ ૨૭.૦૫.૨૦૦૯ના એસ.ઓ. નંબર ૧૩૬૫ (ઈ), તારીખ ૨૬.૦૩.૨૦૧૨ના એસ.ઓ.નંબર ૫૮૩(ઈ), તારીખ ૩૧.૦૫.૨૦૧૩ના એસ.ઓ. નંબર ૧૪૪૩(ઈ) અને તારીખ ૧૧.૧૨.૨૦૧૫ના એસ.ઓ. નંબર ૩૩૭૯(ઈ) દ્વારા નોટીફાઈ કરવામાં આવ્યા હતા.

**પ્રતિભાવની નકલો રજૂ કરવાની**

ઈલેક્ટ્રીસિટી એક્ટ, ૨૦૦૩ની કલમ ૧૮ અન્વયે આથી જાહેર કરવામાં આવે છે કે, આ સંદર્ભમાં પોતાના વાંધા/ સૂચનો રજૂ કરવા ઈચ્છતી હોય તેવી વ્યક્તિઓએ તે સેક્રેટરી, ગુજરાત વિદ્યુત નિયમન પંચ (જીઈઆરસી), છઠ્ઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫-સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર – ૩૮૨ ૩૫૫ સમક્ષ તેઓ જે દસ્તાવેજોનો આધાર લેવા ઈચ્છતા હોય તે સહિતની અરજી છ નકલમાં, અને તેના સમર્થનમાં જરૂરી એફિડેવિટ સાથે (બધું છ નકલમાં) આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયાના ૩૦ દિવસમાં જમા કરાવવાના રહેશે.

**દરખાસ્તની નકલ**

રસ ધરાવતા લોકો માટે એપીએસઇઝેડ યુટિલિટિઝ પ્રાઇવેટ લિમિટેડની ઓફિસ, બીજો માળ, અદાણી હાઉસ, એપીએસઇઝેડ, નવિનાલ આઇલેન્ડ, ધ્રૂબ પાસે, મુન્દ્રા. કચ્છ - ૩૭૦ ૪૨૧ ખાતે દરખાસ્તની નકલ મળી રહેશે. ઉપર દર્શાવ્યા મુજબની અરજીની ઇલેક્ટ્રોનિક નકલ વેબસાઇટ www.adaniports.com. ઉપર પણ મળી શકશે.

**એમપીએસઇઝેડ યુટિલિટિઝ પ્રાઇવેટ લિમિટેડ વતી**

સહી/-

ડાયરેક્ટર

---

**રજી. ઓફિસઃ** અદાણી હાઉસ, મીઠાખળી સર્કલ પાસે, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૦૯. (ગુજરાત), ભારત.
**ફોન નં.** +૯૧ ૭૯ ૨૫૫૫ ૫૮૦૧, **ફેક્સ નં.** +૯૧ ૭૯ ૨૫૫૫ ૬૪૯૦